### ડોર ટુ ડોર ગાર્બેજ ગાડીઓ અને સ્ટાફ નહીં હોવાથી ઠેરઠેર કચરાના ઢગલા

# સુરતમાં કચરા ગાડીની ગંભીર અછત

**આરોગ્ય** સમિતિ ચેરમેન અશોક રાંદેરીયાએ સેન્ટ્રલ ઝોન બાદ સરથાણામાં લીધેલી મિટિંગમાં પણ એ જ મુદ્દો ગાજયો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિ દ્વારા શહેરના તમામ ઝોનની પરિસ્થિતિનો તાગ મેળવવાના હેતુથી વિશેષ સમીક્ષા બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આરોગ્ય સમિતિના ચેરમેન અશોક રાંદેરિયા સહિતના સભ્યોએ અગાઉ સેન્ટ્રલ ઝોન બાદ સરથાણા ઝોનમાં રાઉન્ડ લીધા બાદ મીટીંગ કરી હતી જેમાં પણ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની અપુરતી ગાડીઓ અને કચરના ઢગલાઓ બાબતે જ વધુ ફરિયાદ થઈ હતી.

નોંધનીય છે કે, વર્ષ 2020માં થયેલા સીમા વિસ્તરણ બાદ સરથાણા ઝોનનો ભૌગોલિક વ્યાપ ખૂબ વધી ગયો છે અને 50,000થી વધુ નવા આવાસો તથા મિલકતો ઉમેરાતા વસ્તી અને કચરાનું પ્રમાણ મોટા પાયે વધ્યું છે. તેની સામે કચરો એકત્રિત કરવા માટે ફાળવવામાં આવેલા વાહનોની સંખ્યા વર્ષ 2022થી મર્યાદિત રહેતા સોસાયટીઓ કે ઘરો સુધી નિયમિત વાહનો ન પહોંચવાની ફરિયાદો ઉઠી રહી છે. આ અંગે ચેરમેન અશોક રાંદેરિયાએ જણાવ્યું કે, તમામ 9 ઝોનમાં સ્થાનિક સ્ટાફ સાથે બેઠક કરી ચોક્કસ સમસ્યાઓ સમજવામાં આવી રહી છે. હાલ વરાછા ઝોન-બીમાં 2022ની સ્થિતિએ માત્ર 67 ગાડીઓ ઉપલબ્ધ છે, જ્યારે 2026 સુધીમાં વસ્તી અને વિસ્તારમાં વિરાટ વધારો થયો હોવાથી આ અછતને કારણે ગાડીઓ સમયસર પહોંચી શકતી નથી. ક્ષેત્રફળ અને મિલકતોની સંખ્યા ધ્યાને લેતાં આ ઝોનમાં હાલ 100 જેટલી ગાર્બેજ કલેક્શન ગાડીઓની તાતી જરૂરિયાત છે. હાલ પૂરતી સફાઈ વ્યવસ્થા જાળવવા બહારથી ભાડે રાખેલા વાહનો અને ટ્રેક્ટરો મારફતે કામ ચલાવાઈ રહ્યું છે, પરંતુ કાયમી ઉકેલ માટે નવી ગાર્બેજ કલેક્શન ગાડીઓની ફાળવણી કરવા તજવીજ હાથ ધરાશે. બેઠક દરમિયાન માનવબળની અછતનો મુદ્દો પણ સામે આવ્યો હતો.

જ્યાં સેનિટરી ઈન્સ્પેક્ટર અને સેનિટરી સબ ઈન્સ્પેક્ટર સહિતના સ્ટાફમાં 25 ટકા જેટલી ઘટ હોવાથી સુપરવિઝન અને મોનિટરિંગ પર પ્રતિકૂળ અસર પડી રહી છે, જેને વહેલી તકે પૂર્ણ કરવા વહીવટી પ્રક્રિયા હાથ ધરાશે.

આ ઉપરાંત સોસાયટીઓના સીઓપી (કોમન ઓપન પ્લોટ) વિસ્તારોમાં એકત્ર થતા ગાર્ડનિંગ વેસ્ટ કે ઝાડ-પાનના કચરાના યોગ્ય અને ઝડપી નિકાલ માટે અલગથી આયોજન કરવા સ્થળ પર ખાસ સૂચનાઓ અપાઈ હતી. આવનારા દિવસોમાં સરથાણા ઝોનને નવી ગાડીઓ ઉપલબ્ધ કરાવી અને સ્ટાફની ભરતી પ્રક્રિયા ઝડપી બનાવીને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન વ્યવસ્થા સંપૂર્ણપણે સુવ્યવસ્થિત કરવામાં આવશે.




**આ કારણસર શહેરમાંથી કચરો ઉપાડવામાં તકલીફ પડી રહી છે**

(1) વરાછા ઝોન-બીમાં 2022માં કચરા ગાડી હતી 67 ગાડીઓ 2026માં પણ એટલી જ

(2) વિસ્તાર વધતા 100 જેટલી ગાર્બેજ કલેકશનની ગાડીની તાતી જરૂરિયાત હોવાનો અંદાજ

(3) સેનેટરી સબ ઇન્સ્પેક્ટર અને ઇન્સ્પેક્ટરની 25 ટકા ઘટ છે જેના કારણે કામગીરી પર અસર પડે છે

(4) બહારથી ભાડે રાખેલા વાહનો અને ટ્રેક્ટરો મારફતે અત્યારે કામ ચલાવાઈ રહ્યું છે

# હડતાળની વચ્ચે કોર્ટ બિલ્ડિંગમાં મહિલા ઘૂસી જતાં હાઈ વોલ્ટેજ ડ્રામા

**મહિલાને** પહેલા અટકાવી પરંતુ તે વકીલોને હડસેલી કોર્ટ રૂમમાં પહોંચી જતાં વકીલો સાથે ઘર્ષણ

સુરતઃ ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં વકીલોની હડતાલ વચ્ચે આજે કોર્ટ બિલ્ડીંગના બીજા માળે આવેલા રૂમ નંબર 207માં હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.

સુરત જિલ્લા વકીલ મંડળના પદાધિકારી ફેની પટેલ અને દિવ્યાબેન કોસંબીયાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે આજે હડતાલના બીજા દિવસે બારના સભ્યો મુખ્ય ગેટ પાસે ઉભા હતા ત્યારે એક ઈનોવા ગાડીમાં આવેલી મહિલા અંદર જવાનો પ્રયાસ કરતા તેમને અટકાવવામાં આવ્યા હતા અને કોર્ટમાં વકીલોની હડતાલ હોવાની સમજણ આપવામાં આવી હતી. પરંતુ આ મહિલાએ કોર્ટમાં જવાની જીદ કરીને પોતાને વકીલ બતાવી જીભાજોડી કરી વકીલ હેતા શાહને ધક્કો મારીને અંદર પ્રવેશ કરી મુખ્ય કોર્ટ બિલ્ડીંગ તરફ જતા તમામ વકીલો તેમની પાછળ પાછળ દોડ્યા હતા. આ મહિલા બીજા માળે રૂમ નં. ૨૦૭ની કોર્ટમાં પહોંચી જતાં બારનાં સભ્યો ફેની પટેલ, દિવ્યાબેન કોસંબીયા, યતીન ઢાકેચા, અમર ટાણાવાલા, નયનાબેન પટેલ, ઉમેશ પંચાલ સહિતના વકીલો પણ કોર્ટ રૂમમાં ઘસી જતાં મામલો ગરમાયો હતો. આ બહેન કોટ પહેરીને પોતાને વકીલ બતાવીને આવ્યા હતા. તેમજ હું બ્રિટિશ બેરિસ્ટર છું કહીને પીએમના નામે વકીલોને દમ મારવાનો પ્રયાસ કર્યો હતો. સતત સાડા ત્રણ કલાક ચાલેલી આ માથાકુટમાં સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલે પહોંચી જઈ મામલો સંભાળ્યો હતો. ત્યારબાદ કોર્ટની સૂચનાથી ઉમરા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર અને બે મહિલા પોલીસ સાથેની ટીમ આ મહિલાને પ્રોટેક્શન સાથે કોર્ટ પરિસરમાંથી બહાર લઈ ગયા હતા.

**સતત બીજા દિવસે વકીલની હડતાળ**

આજે બીજા દિવસે સવારે ૧૦-૩૦ કલાકે વકીલ મંડળનાં પદાધિકારી સહિતનાં વકીલો કોર્ટ પરિસરમાં પહોંચી જઈ મુખ્ય ગેટ બંધ કરી દઈ કોઈપણ પક્ષકારોને કોર્ટ સંકુલમાં જવા દેવાયા ન હતા. આજે કેટલાક પક્ષકારો સાથે વકીલોની માથાકૂટ થતી નજરે પડી હતી. વકીલોએ તેમને વકીલ મંડળનો હડતાળનો નિર્ણય અને વિરોધના મુદ્દાઓ સમજાવીને શાંતિપૂર્ણ રીતે ગેટ પરથી જ પરત મોકલ્યા હતા.

### ચોથા માળેથી રહસ્યમય સંજોગોમાં પટકાયેલા યુવકનું મોત

સુરતઃ પાલનપુર જકાતનાકા ખાતે સંત તુકારામ સોસાયટી વિભાગ-6માં રહેતા 40 વર્ષીય જીતુ ગણપત રાઠોડ બુધવારે રાત્રે ઘરના ચોથા માળે આવેલી અગાસી પરથી રહસ્યમય સંજોગોમાં નીચે પટકાતા ગંભીર ઇજાઓને પગલે તેનું મોત નીપજ્યું હતું.

### સચિન GIDCના એક કારખાનામાં અચાનક આગ

સુરતઃ સુરતના સચીન જીઆઈડીસી વિસ્તારમાં આવેલા એક ઔદ્યોગિક ખાતામાં ગુરુવારે સાંજના સમયે અચાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. સદનસીબે આગ ખૂબ જ નાની હોવાથી ફાયર ફાઈટરોએ ટૂંક સમયમાં જ તેના પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો, જેથી મોટી દુર્ઘટના અને મોટું નુકસાન અટકાવી શકાયું હતું.

### નવું મકાન જોઈ પરત ફરતાં યુવકનું બાઈક સ્લિપ થતાં મોત

સુરતઃ મૂળ રાજકોટના વતની અને હાલ સરથાણા વિસ્તારમાં યોગેશ્વર સોસાયટી નજીક રિવેરા ધ એટલાન્ટિસમાં પરિવાર સાથે રહેતા 44 વર્ષીય જયેશભાઈ મનજીભાઈ ગોંડલીયા બુધવારે રાત્રે કામકાજ પૂર્ણ કર્યા બાદ બાઈક લઈને સણિયા ખાતે પોતાનું નવું મકાન જોઈ બાઈક પર પરત ઘરે આવતા હતા ત્યારે ગઢપુર રોડ વાય જંકશન નજીક અચાનક બાઈક સ્લિપ થતાં મોત થયું હતું.

### હજીરામાં પતરાં બદલવામાં પટકાતાં શ્રમિકનું મોત

સુરતઃ સુરતના હજીરા સ્થિત એક ખાનગી કંપનીના પંપ હાઉસની અગાસી પર પતરાં બદલતી વખતે લોખંડની ગદર તૂટી પડતાં મૂળ પશ્ચિમ બંગાળના 44 વર્ષીય શ્રમિક સનાતન મૈતીનું ગંભીર ઈજા થવાથી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે તેમની સાથે કામ કરી રહેલા અન્ય બે શ્રમિક પ્રસેનજીત મૈતી અને સાહિલ પાસવાન ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે હજીરા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### મોબાઈલ ચીલઝડપ કરનારને સાત વર્ષની કેદ

સુરતઃ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૪ પર સપ્ટેમ્બર-૨૦૧૯ના રોજ ટ્રેનમાં ચઢતી વખતે ભીડનો લાભ ઉઠાવી મુસાફર રામપ્રતાપ પાલના પેન્ટના ખિસ્સામાંથી સરકાવી લેવાયેલા મોબાઈલ ચોરીના કેસમાં કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. 'ચોર-ચોર'ની બૂમો પડતાં પોલીસે નવસારી બજારના આરોપી એહમદ મુખત્યાર સૈયદને રંગેહાથ ઝડપી લીધો હતો. સરકાર પક્ષે એપીપી અરવિંદ વસોયા કેસ પુરવાર કરવામાં સફળ થતાં સુરતની અધિક સત્ર અદાલતે આરોપીને દોષિત ઠેરવી ૭ વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

# પૂર્વ મેયરની ઉગ્ર રજૂઆત બાદ રત્નમાલા બ્રિજનું બાકી કામ શરૂ



**બ્રિજની** એક બાજુ લાંબા સમયથી બંધ હોવાથી લોકો હેરાન

સુરતઃ મનપાની સામાન્ય સભામાં પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ બ્રિજ નિર્માણમાં થઈ રહેલા વિલંબ અને તેના કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યા અંગે ઉઠાવેલા સવાલો બાદ સુરત મનપાના તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. તેમણે મ્યુનિ.કમિ. બેનીવાલ સમક્ષ તંત્રની ઢીલી કાર્યપદ્ધતિ સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. અગાઉ આ બ્રિજ નવરાત્રી પૂર્વે સંપૂર્ણપણે કાર્યરત કરી દેવાની ખાતરી અપાઈ હોવા છતાં કામગીરી અધૂરી રહેતા નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ રજૂઆત અને સૂચનો બાદ આખરે મનપા તંત્રએ વિલંબ ખંખેરીને તાત્કાલિક અસરથી બાકી રહેલા સ્પાનનું નિર્માણકાર્ય યુદ્ધના ધોરણે શરૂ કરી દીધું છે, જેથી દશેરા સુધીમાં સમગ્ર બ્રિજને ખુલ્લો મૂકી શકાય.

# મોટા વરાછાના AR મોલમાં યુવતી સામે વેબ ડિઝાઈનરે ગુપ્તાંગ બતાવ્યું

**ઓફિસનું** એડ્રેસ પૂછવાના બહાને પીછો કરી ખૂણામાં આચરી શરમજનક હરકત

**વિડીયો** વાયરલ થતાં જ ઉત્રાણ પોલીસે આરોપીને દબોચ્યો

સુરતઃ મોટા વરાછા સ્થિત જાણીતા એઆર મોલમાં ખરીદી અર્થે આવેલી યુવતીનો પીછો કરી તેની સામે બિભત્સ ચેનચાળા કરનાર વેબ ડિઝાઈનર યુવકને ઉત્રાણ પોલીસે ગણતરીની કલાકોમાં જ શોધી કાઢી સળિયા પાછળ ધકેલી દીધો છે.

મોટા વરાછા સ્થિત એઆર મોલમાં એક યુવતી પસાર થઈ રહી હતી ત્યારે ૨૦ વર્ષીય આરોપી ભૌતિક રમેશભાઈ વાઘેલા (રહે., શ્રીનાથજી દ્વાર સોસાયટી, સીતાનગર ચોકડી, પુણા ગામ, ધંધો- ગેમ/વેબ ડિઝાઈનિંગ) શંકાસ્પદ રીતે આંટાફેરા મારી રહ્યો હતો. આરોપીએ સૌપ્રથમ યુવતી પાસે જઈ ઓફિસનું સરનામું પૂછવાના બહાને નજીક જવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારબાદ તેનો સતત પીછો કર્યો હતો. મોલ પરિસરમાં આવેલા એકાંત ખૂણાનો લાભ લઈ તેણે યુવતી સામે ગુપ્તાંગ બતાવી અત્યંત બિભત્સ અને અશ્લીલ કૃત્ય કર્યું હતું. આ સમગ્ર કરતૂત મોલના સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ હતી. ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થતાં જ ઉત્રાણ પીઆઈ એચ.આર. ગોસ્વામી તથા સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ આર.ડી. ધાધલની ટીમે તાત્કાલિક તપાસ હાથ ધરી ગેમ અને વેબ ડિઝાઈનીંગનો ધંધો કરતાં આરોપી ભૌતિક વાઘેલાની ધરપકડ કરી હતી.



# 1500થી વધુ હોટલ-રેસ્ટોરન્ટમાં લાઈવ કિચન દેખાશે, લિસ્ટ તૈયાર

**મનપાના** જાહેરનામા બાદ ફૂડ વિભાગે સરવે શરૂ કર્યો, કેમેરા-ટીવી કનેક્શન માટે ત્રણ મહિનાના સમય સામે સવાલ

સુરતઃ સુરત મનપા દ્વારા રસોડાનું લાઈવ પ્રસારણ હોટલમાં જ ગ્રાહકોને દેખાય તેવી વ્યવસ્થા કરવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જાહેરનામા બાદ મનપાના ફૂડ વિભાગ દ્વારા શહેરની હોટલ-રેસ્ટોરન્ટનો સરવે હાથ ધરવામાં આવ્યો છે. ફૂડ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં 1500થી વધુ હોટલ-રેસ્ટોરન્ટનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે.

મનપાના આ નિર્ણય હેઠળ હોટલ-રેસ્ટોરન્ટના રસોડામાં કેમેરા લગાવી તેનું લાઈવ ફીડ ગ્રાહકો જ્યાં બેઠા હોય ત્યાંના ટીવી સ્ક્રીન પર બતાવવાનું રહેશે. આથી રસોડામાં ખાદ્યસામગ્રીની તૈયારી કેવી રીતે થાય છે, સ્વચ્છતાની સ્થિતિ કેવી છે અને કર્મચારીઓ હાઈજિનના નિયમોનું પાલન કરે છે કે નહીં તે ગ્રાહકો પોતાની આંખે જોઈ શકશે.

જોકે, મનપા દ્વારા આ વ્યવસ્થા અમલમાં મુકવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો હોવાને લઈને સવાલો ઊઠી રહ્યા છે. કેમેરા ગોઠવી તેને હોટલના ટીવી સ્ક્રીન સાથે કનેક્ટ કરવાની પ્રક્રિયા ટેક્નિકલ રીતે સરળ અને ટૂંકા સમયની હોવાનું માનવામાં આવે છે. ત્યારે આટલી સરળ વ્યવસ્થા માટે ત્રણ મહિનાની મુદત શા માટે આપવામાં આવી તે અંગે ચર્ચા શરૂ થઈ છે.

# 30 વર્ષે શિક્ષણ સમિતિ વિપક્ષ વિનાની બની, 12 સભ્યો બિનહરીફ

**વર્ષ**-1995માં ભાજપે 99માંથી 98 બેઠક જીતતાં શિક્ષણ સમિતિમાં વિપક્ષનો કોઈ સભ્ય નહોતો

સુરતઃ મનપા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સામાન્ય ચૂંટણીમાં વિપક્ષે સંખ્યાબળના અભાવે એક પણ ઉમેદવાર ન ઉતારતાં સમિતિ સંપૂર્ણપણે વિપક્ષ મુક્ત બની છે. 1995થી 2000 દરમિયાન પણ શિક્ષણ સમિતિ વિપક્ષ મુક્ત હતી. આમ 30 વર્ષ બાદ ફરીથી ઈતિહાસનું પુનરાવર્તન થયું છે. આજે 12 ઉમેદવારોની સામે 12 ફોર્મ ભરાતાં તમામ 12ને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ સભ્યો 367 જેટલી પ્રાથમિક શાળાઓનું વહીવટી સંચાલન સંભાળશે.



**વિપક્ષને એક સભ્ય ચૂંટવા 12 કોર્પો.ની જરૂર પડે**

સુરત મનપામાં 120 નગરસેવક છે. નગરસેવકો પોતાના હિસ્સાના તમામ મત એક ઉમેદવારને પણ આપી શકે અને જુદા જુદા ઉમેદવારોને પણ આપી શકે. આવું ગણિત જોતાં વિપક્ષને એક સભ્ય ચૂંટવા માટે પણ ઓછામાં ઓછા 12 સભ્ય હોવા જરૂરી છે. આ વખતે કોંગ્રેસ અને આપ બંને મળીને માત્ર 5 સભ્યો હોવાથી શિક્ષણ સમિતિમાં વિપક્ષનો એકપણ સભ્ય જોવા મળશે નહીં.

**હવે શિક્ષણ સમિતિના ચેરમેન પદ માટે લોબિંગ**

વિપક્ષમુક્ત બનેલી સુરત મનપાની શિક્ષણ સમિતિમાં હવે ભાજપના મોવડીમંડળ માટે સમિતિના ચેરમેન પદની પસંદગી કરવી કસોટી સાબિત થશે. કેમ કે, આ વખતે મોટા ભાગના સભ્યો ઉચ્ચ શિક્ષણ ધરાવે છે અને જુદા જુદા ધારાસભ્યોની નજીકના છે. તેથી તમામ ધારાસભ્યો પોતપોતાના માનીતાને ચેરમેન બનાવવા એડીચોટીનું જોર લગાવશે.

### 3 મહિનાથી નવો મોબાઈલ લેવાની જીદમાં યુવતીનો આપઘાત

સુરતઃજિલ્લાના મહુવા તાલુકાના વતની અને હાલ પુણાગામ વિસ્તારમાં આવેલી ઈશ્વર નગર સોસાયટીમાં રહેતી 18 વર્ષીય દર્શના મુકેશભાઈ લાડુમોર પરિવાર સાથે રહેતી હતી. દર્શનાના પિતા વતનમાં નવા મકાનનું કામકાજ ચાલી રહ્યું હોવાથી ત્યાં ગયા હતા. આજે સવારે દર્શનાએ ઘરે લોખંડના હૂક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, દર્શના છેલ્લા ત્રણેક મહિનાથી નવો મોબાઈલ ફોન લેવાની માંગણી કરતી હતી. જોકે, પિતાએ વતનમાં મકાનનું કામકાજ ચાલી રહ્યું હોવાથી હાલ ખર્ચ વધુ હોવાથી 'મકાનનું કામ પૂરું થયા બાદ મોબાઈલ અપાવીશ' તેમ કહ્યું હતું. મોબાઈલ ન મળતાં તેણીને માઠું લાગી આવ્યું હતું.

# આજે મનપાના સચિન-કનકપુર ઝોનમાં કરોડોના સુવિધાનાં કામોનું ખાતમુહૂર્ત

**કનસાડ**-સચિન-ઉન-આભવા વિસ્તારમાં રસ્તા, કલ્વર્ટ, પાણીની લાઈન અને સ્ટ્રીટલાઈટ સહિતનાં કામો હાથ ધરાશે

સુરતઃ કનસાડ, પાલી, ઉંબેર અને તલંગપુર વિસ્તારના નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રૂ.૧૨.૫૦ કરોડથી વધુનાં વિકાસકામો હાથ ધરવામાં આવનાર છે. ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈ તથા સ્થાનિક નગરસેવકોની રજૂઆતોના પગલે મનપા દ્વારા મંજૂર કરાયેલાં વિવિધ વિકાસકામોનું તા.૨ ઓક્ટોબર, શુક્રવારે સવારે ૧૦ વાગ્યે કનસાડ ખાતે સ્વરાજ કોમ્પ્લેક્સ પાસે સામૂહિક ખાતમુહૂર્ત યોજાશે. .

**મુખ્ય વિકાસકામો**

- » સચિન રેલવે સ્ટેશનથી કનસાડઃ ₹૫૨.૭૧ લાખના ખર્ચે ૧૨ મીટર ટી.પી. રોડનું વાઈડનિંગ અને રિકાર્પેટિંગ.
- » કનસાડ DGVCL ઓફિસથી રામાનંદ ચાર રસ્તાઃ ₹૮૬.૯૯ લાખના ખર્ચે હયાત રોડનું વાઈડનિંગ તથા રિકાર્પેટિંગ.
- » રામાનંદ ચાર રસ્તાથી મીંઢોળા નદીઃ ₹૨૮૧ લાખના ખર્ચે ૧૮ મીટર પહોળાઈના નવા કનેક્ટિંગ રોડનું કાર્પેટિંગ.
- » કનસાડ રેલવે બ્રિજથી લાજપોરઃ ₹૫૫.૨૦ લાખના ખર્ચે અવધ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી સામે ૩૬ મીટર રોડનું વાઈડનિંગ અને કાર્પેટિંગ.
- » સચિન રેલવે સ્ટેશનથી ગજેરા સ્કૂલઃ ₹૫૯૪.૧૯ લાખના ખર્ચે તલંગપુર રોડ પર ૩૦ મીટર પહોળાઈનો નવો રોડ બનાવવાનું કામ.
- » કનસાડ DGVCL ઓફિસ સામેઃ ₹૭૭.૪૪ લાખના ખર્ચે ખાડી પર આવેલું જૂનું કલ્વર્ટ તોડી નવું કલ્વર્ટ બનાવવાનું કામ.
- » કનસાડ હળપતિવાસઃ ₹૫૬.૫૯ લાખના ખર્ચે આંતરિક રસ્તાઓ પર પીવાના પાણીની લાઈન નાંખી દરેક ઘર સુધી સ્વતંત્ર નળ જોડાણ આપવાનું કામ.
- » તલંગપુરથી ઉંબેરઃ ₹૨૮ લાખના ખર્ચે ૧૨ મીટર પહોળાઈનો નવો રોડ બનાવવાનું કામ.
- » તલંગપુરથી ઉંબેર રોડઃ ₹૧૮ લાખના ખર્ચે સ્ટ્રીટલાઈટની સુવિધા ઊભી કરવાનું કામ.

### નાસીરનગર કાંડઃ પૂર્વ મનપા કમિ. અને પૂર્વ પો.કમિ.ને તેડું

સુરતઃ શહેરના ચકચારી નાસીરનગર ગેરકાયદે ડિમોલિશન પ્રકરણમાં હાઈકોર્ટમાં આગામી ૮ ઓક્ટોબરના રોજ સુનાવણી હાથ ધરાનાર છે, તે પૂર્વે તપાસ સમિતિએ આ મામલે સુરત શહેરના પૂર્વ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને પૂર્વ મનપા કમિશનર નાગરાજનને આગામી ૬ અને ૭ ઓક્ટોબરના રોજ સમિતિ સમક્ષ રૂબરૂ હાજર થઈને નિવેદન આપવા તેમજ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. આ ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત ડિમોલિશનની કામગીરી સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા તમામ કર્મચારીઓ, મનપા દ્વારા નિયુક્ત તપાસ કમિટી અને પ્રણવ આઈ જગ્યાના સંદર્ભમાં સીટી સર્વે વિભાગના અધિકારીઓ તેમજ સુરક્ષા આપનાર ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતના તમામ સ્ટાફના નિવેદનો અને જવાબો મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. તપાસ કમિટીના અધ્યક્ષ આગામી ૫ ઓક્ટોબરના રોજ વિદેશ પ્રવાસથી પરત ફર્યા બાદ અહેવાલને આખરી ઓપ આપશે. તપાસ સમિતિ પોતાનો આ વિગતવાર તપાસ અહેવાલ આગામી ૮ ઓક્ટોબર સુધીમાં રાજ્ય સરકારને સોંપશે. આ ગેરકાયદે કૃત્ય પાછળ જે પણ અધિકારીઓની સંડોવણી બહાર આવશે, તેમના વિરુદ્ધ સસ્પેન્શન સહિતની આકરી શિક્ષાત્મક અને કાયદાકીય કાર્યવાહીનો રેલો લંબાવવામાં આવશે તે નિશ્ચિત જણાઈ રહ્યું છે

# કલાકારની જેમ તમારા જીવનને કંડારો

**સુરતમાં** સમાજને આરામદાયક અને સૌહાર્દપૂર્ણ જીવન જીવવા તથા પોતાના પડોશીઓ પ્રત્યે પ્રેમ અને કરુણા દર્શાવવા માટે પણ સૈયદના સાહેબે પ્રોત્સાહિત કર્યા



(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ દાઉદી વોહરા સમાજના ૫૩મા ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબે પોતાના અને તેમના સ્વર્ગસ્થ પિતાશ્રીના જન્મદિવાસોની સ્મૃતિમાં મસ્જિદ-એ-મોઅઝ્ઝમ ખાતે વાઈઝ (ધર્મસભા) ફરમાવી હતી.

પોતાના પ્રવચનમાં, તેમણે એક સારી જીવનશૈલી જીવવા માટે સમાજને માર્ગદર્શન આપતા કલાકારના ગુણો દાખવ્યા હતા. આ પ્રસંગે ભારત અને વિદેશથી લગભગ ૮૫,૦૦૦ દાઉદી વોહરા સમાજના અનુયાયીઓ સુરતમાં એકઠા થયા હતા.

સૈયદના સૈફુદ્દીન સાહેબે સમજાવ્યું કે, એક કલાકાર સૌપ્રથમ પોતાના મનમાં એક ચિત્ર જુએ છે, કાળજીપૂર્વક તેના પર કામ કરે છે અને પછી તેને જીવંત કરે છે.

તેમણે સંતુલન અને પ્રમાણભાનના મહત્વ વિશે વાત કરી, જે ગુણો કળાની કૃતિને સુંદરતા આપે છે. આ ગુણોનો ઉપયોગ કરીને તેમણે દર્શાવ્યું કે વ્યક્તિએ સમાન સ્પષ્ટતા અને હેતુ સાથે પોતાના જીવનને કેવી રીતે ઘડવું જોઈએ, અને એક એવું સંતુલન બનાવવું જોઈએ જે તેના વિવિધ પાસાઓને ઉજાગર કરે.

આ પ્રસંગ દાઉદી વોહરા સમાજના લોકો માટે ખાસ મહત્વ ધરાવે છે કારણ કે તે સૈયદના સૈફુદ્દીન સાહેબ અને તેમના સ્વર્ગસ્થ પિતા અને પૂર્વવર્તી પરમપાવન સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબ બંનેના જન્મદિવાની યાદ અપાવે છે. સૈયદના સૈફુદ્દીન સાહેબે પોતાના પિતાની યાદ અને વારસાને જીવંત રાખવા માટે પોતાના પિતાના જન્મદિવસે જ પોતાનો જન્મદિન ઉજવવાનું પસંદ કર્યું.

### અલથાણમાં લોકોના ટોળાએ ટ્રાફિક સ્ક્વોડને ઘેરી લીધી

સુરતઃ અલથાણ વિસ્તારમાં ટ્રાફિક પોલીસની કાર્યવાહી દરમિયાન બાઈકચાલકને પગ પર દંડો મારવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે વિવાદ સર્જાયો હતો. બાઈક સ્લિપ થતાં યુવકને ઈજા પહોંચતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે ઉશ્કેરાયેલા લોકોનું ટોળું સ્થળ પર એકત્ર થઈ ટ્રાફિક પોલીસની સ્ક્વોડને ઘેરી લેતાં મામલો ગરમાયો હતો. અલથાણ વિસ્તારમાં રિજીયન-3ની ટ્રાફિક પોલીસની ટીમ ફરજ પર હતી. આ દરમિયાન બાઈકચાલક સાથે બનેલી ઘટનામાં તે સ્લિપ થઈ જતાં ઈજાગ્રસ્ત થયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને ટ્રાફિક પોલીસની કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા હતા. ટોળાએ પોલીસ સ્ક્વોડને ઘેરી લેતાં પરિસ્થિતિ તંગ બની હતી. ઘટનાને પગલે વિવાદ વધતાં રિજીયન-3ના ACPને પણ મામલે સ્પષ્ટતા કરવા આગળ આવવું પડ્યું હતું. ACPએ વિડીયો મારફતે જણાવ્યું હતું કે સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવી છે. તપાસ દરમિયાન બાઈકચાલકે બ્રેક મારતાં બાઈક સ્લીપ થઈ ગઈ હતી અને તેના કારણે તેને ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસ કર્મચારીએ દંડો મારવાને કારણે બાઈક સ્લીપ થઈ હોવાની વાત તપાસમાં સામે આવી નથી, તેમ ACPએ સ્પષ્ટ કર્યું હતું. પોલીસની સ્પષ્ટતા બાદ હકીકત શું છે તે અંગે ચર્ચા શરૂ થઈ છે.